# આદિવાસીઓના શૈક્ષણિક વિકાસમાં એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલની ભૂમિકા તાપી જિલ્લાનો કેસ સ્ટડી -

**ડૉઅરૂણ પંડયા .**
**એસોસિયેટ પ્રોફેસર,**
**સમાજશાસ્ત્ર વિભાગ,**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી – સુરત**

**પરેશ સાળવે**
**રીસર્ચ સ્કૉલર ,**
**સમાજશાસ્ત્ર વિભાગ,**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી – સુરત**

## ટૂંકસાર :

શિક્ષણ માત્ર મનુષ્યના જીવનનું જ ઘડતર નથી કરતું પરંતુ સાથે સાથે મનુષ્યને વિચારશીલ સામાજિક પ્રાણી તરીકે ઘડવામાં અમૂલ્ય યોગદાન ભજવે છે. માનવ વિકાસની પરિભાષામાં શિક્ષણને વિકાસના પાયા તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જે જોતાં, ગુજરાત રાજ્યના આદિવાસીઓના વિકાસ માટે રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત આદિજાતિ પેટા વિસ્તારમાં વિવિધ શૈક્ષણિક પ્રયાસો સંસ્થાકીય મળખાના ધોરણે અમલીકૃત છે.

પ્રસ્તુત સંશોધન પત્રમાં આ સંસ્થાકીય શૈક્ષણિક મળખાઓ પૈકી તાપી જિલ્લાની 'એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ' (Eklavya Model Residential School (EMRS)) આદિવાસીઓના માનવીય, સામાજિક અને આર્થિક વિકાસના દ્વાર ખોલવામાં મદદરૂપ થવામાં પાયાની ભૂમિકા ભજવી રહી છે જે બાબતો અંગે સાહિત્ય સમીક્ષા કરી ગૌણ મહિતીઓને આધારે તથા તાપી જિલ્લાની ક્ષેત્રીય પ્રાથમિક માહિતી નિરીક્ષણ અને મુલાકાત દ્વારા મેળવી આંકડાકીય મહિતીઓનું પૃથ્થકરણ કરી કેસ સ્ટડી કરવાનો પ્રયાસ કરેલ છે.

દક્ષિણ ગુજરાતમાં વર્ષ 2007માં સુરત જિલ્લામાંથી છૂટા પડેલા તાપી જિલ્લામાં 84.18% આદિજાતિઓની વસ્તી ધરાવતા વિસ્તારમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટેના મૂળભૂત પાયાની સુવિધાઓ અને સેવાઓને જોતાં શિક્ષણનું અત્યંત મહત્વ રહેલું હોવાથી, શિક્ષણના માળખાકીય સુવિધાઓ અને સેવાઓમાં વૃદ્ધિ થકી આદિવાસીઓમાં સકારાત્મક પરિવર્તનો આવેલ જણાય છે. શાળાકીય શૈક્ષણિક માળખા ઊભા થવાથી માત્ર વિદ્યાર્થીઓને શિક્ષણની આધુનિક ભૌતિક સુવિધાઓ જ પૂરી નથી પડાતી, પરંતુ આસપાસના આદિજાતિ વિસ્તારોમાં પાયાની આંતરમાળખાકીય સુવિધાઓ વિકસવા ઉપરાંત બજાર ઊભા થવાથી આર્થિક વૃદ્ધિ થતી જોવા મળે છે.

## પરિચય :

20મી સદીના સિત્તેરના દાયકામાં એટલે કે વર્ષ 1960 થી 1970 દરમિયાન વિકાસના અર્થનું નવસંસ્કરણ થયું. વાસ્તવિક રાષ્ટ્રીય આવક કે માથાદીઠ આવકમાં વૃધ્ધિ એટલે આર્થિક વિકાસ એવી પરંપરાગત માન્યતા આજે ફગાવી દેવામાં આવી છે. કુપોષણ, રોગચાળો, નિરક્ષરતા, ગંદા વસવાટો, બેરોજગારી અને અસમાનતા જેવાં મુખ્ય દૂષણો પરના આક્રમણ તરીકે આર્થિક વિકાસની પુનઃવ્યાખ્યા કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે (ટોડેરો 1989; સ્ટીટન 2014). અલ્પવિકસીતતાના લક્ષણો કે પછી વિકાસના નિર્દેશકો તરીકે ગરીબી, બેરોજગારી, ભૂખમરો અને કુપોષણ, નબળું આરોગ્ય, વધુ જન્મ દર અને મૃત્યું દર, ઓછું આયુષ્ય, વસ્તી વધારો અને વસ્તી ગીચતા, સંસાધનો, આંતરમાળખાકીય સુવિધાઓ અને સેવાઓની અછત, નિરક્ષરતા, શિક્ષણનું પ્રમાણ ઓછું, અધવચ્ચેથી શાળા છોડવાના પ્રમાણમાં વધારો, સામાજિક અસમાનતાઓ અને અન્યાય વગેરેનો બહોળો સ્વિકાર થયો છે.

ભૂતકાળમાં માત્ર વૃદ્ધિ કેન્દ્રિત ભૌતિક વિકાસના માઠાં પરિણામો માનવ સંસ્કૃતિઓએ ભોગવવા પડ્યા હોવાનો પાઠ ભણ્યા પછી આધુનિક માનવએ સ્વિકાર્યું છે કે પર્યાવરણીય સંવર્ધન અને સામાજિક પરિવર્તનોને ગતિશીલ રાખી ભૌતિક અને આર્થિક વૃદ્ધિ થાય તો એ ટકાઉ વિકાસને પ્રગતિમય અને ઉન્નતિમય બનાવે છે. સાથે એ પણ એટલું જ જરૂરી છે કે વિકાસ સમતોલ અને સમાવેશી હોય; જેના માટે પહાડી, અંતરિયાળ અને ગ્રામીણ એવા અલ્પવિકાસિત વિસ્તારો અને સમાજના નબળા વર્ગોને વિકાસના પ્રવાહમાં સાંકળવા જરૂરી બને છે (Dhameja 2021).

આઝાદી બાદ આજે પણ ભારતમાં વસતિનો મોટો ભાગ ગરીબીરેખા નીચે છે (બહુપરિમાણીય ગરીબી સૂચકાંક વર્ષ 2019-21 સુધી 16.4%). દેશની મોટા ભાગની વસ્તિને જીવનનિર્વાહ માટે ખેતીક્ષેત્ર પર જ આધાર રાખવો પડે છે. સાક્ષરતાનું નીચું પ્રમાણ તેમજ ઊંચું બાળમરણ પ્રમાણને લીધે માનવવિકાસ આંકમાં

વૈશ્વિક કક્ષાએ 130માં ક્રમે એટલે કે પાછળ છીએ. આમ, ભારતનું અર્થતંત્ર અલ્પવિકસિત અર્થતંત્ર છે એમ કહી શકાય (અઢીયા 2002; ધન 2010).

ભારતના લગભગ 6000 જેટલા ગામડાઓ પૈકી આજે ગુજરાતનાં 114 જેટલા ગામો સંપૂર્ણ વન વિસ્તારના ગાઢ જંગલોમાં આવેલા છે (સેન્સસ ઓફ ઈન્ડિયા 2011). ગામડાઓના કલ્યાણ માટે બનેલી વિવિધ યોજનાઓ ગામડાના વિકાસ માટે ખૂબજ ઉપયોગી છે. બહુલ આદિવાસી વસ્તી ધરાવતા હોય કે અન્ય એવા કોઈ પણ ગામડાનાં સર્વાંગી વિકાસમાં ગામડાનાં લોકોનું, ગ્રામ્યજીવન, સામાજીક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આર્થિક જીવન, કુદરતી સંસાધનો, વ્યવસાય, શિક્ષણ, રહેઠાણની વ્યવસ્થા, આરોગ્ય, વૈવાહિક દરજ્જો, ગામડાનાં લોકોની સમસ્યાઓ, ગામડાનાં લોકોની અપેક્ષાઓ વગેરે જેવા અનેક પરિબળો ભાગ ભજવતાં હોય છે.

ભારત સરકારના અધિનિયમ, 1935 મુજબ, "નબળા વર્ગ સમાજના તે વર્ગને લાગુ પડે છે, જેઓ પરંપરાગત અસ્પૃશ્યતાના રીવાજના ભોગ બનેલ છે અથવા આદિવાસી મૂળ, આદિવાસી જીવનશૈલી અથવા આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પછાતપણું જીવનના કેટલાક પાસાં તેમજ અન્ય પછાતપણાને કારણે પીડાય છે."

ભારતીય બંધારણના અનુચ્છેદ 46 મુજબ દેશના નબળા વર્ગોમાં અનુસૂચિત જાતિ (Scheduled Caste (SC)) અને અનુસૂચિત જનજાતિ (Scheduled Tribe (ST))ના વિકાસ માટે રાજ્ય દ્વારા ખાસ જોગવાઈ કરવાની હોય છે. જેમાં, અનુચ્છેદ 46(1) મુજબ રાજ્ય SC અને ST ના શૈક્ષણિક અને આર્થિક રીતે ઉન્નતિ માટે ખાસ પ્રાવધાનો કરશે, અનુચ્છેદ 46(2) મુજબ રાજ્ય તેમના માટે સામાજિક અન્યાય દૂર કરવા માટે પગલાં લેશે, અને અનુચ્છેદ 46(3) તેમના પ્રતિનિધિત્વને વધારવા અંગે જણાવે છે. જેનો હેતુ તેમને ભારતીય સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનું, તેમને શિક્ષણ, રોજગાર અને અન્ય તકોમાં સમાનતા પ્રાપ્ત કરવામાં મદદ કરવાનું તેમજ તેમના સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

ઉપરોક્ત પૈકી શિક્ષણ એ વિકાસનો એક મહત્વનો આધારસ્તંભ બની માનવીય, સામાજિક અને આર્થિક સુધારા માટે પાયાનું કાર્ય કરે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિઓ જ્ઞાન, કૌશલ્ય અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોતાના જીવન અને સમાજને સુધારી શકે છે. માનવ વિકાસની દ્રષ્ટિએ જોતાં શિક્ષણ વ્યક્તિઓને તેમની સંપૂર્ણ અપેક્ષાઓને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. તે જ્ઞાન અને કૌશલ્ય વિકાસ દ્વારા વ્યક્તિગત સશક્તિકરણને પ્રોત્સાહન આપે છે. શિક્ષણ સ્વાસ્થ્ય, પોષણ અને સુખાકારી સુધારવામાં મદદ કરે છે. સામાજિક વિકાસના એકમ તરીકે શિક્ષણ સામાજિક સમાવેશ અને સમાનતાને પ્રોત્સાહન આપે છે. શિક્ષણ લૈંગિક ભેદભાવ, જાતિવાદ અને અન્ય સામાજિક અન્યાયને દૂર કરવામાં મદદ કરે છે. શિક્ષણ સક્રિય નાગરિકત્વ અને લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. આર્થિક વિકાસ ના પાયા તરીકે શિક્ષણ કુશળ કાર્યબળનો વિકાસ કરે છે જે આર્થિક ઉત્પાદકતા અને વૃદ્ધિને વેગ આપે છે. તે નવીનતા અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપે છે. શિક્ષણ ગરીબી ઘટાડવા અને આર્થિક સમાનતાને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. શિક્ષણ એ એક શક્તિશાળી સાધન છે જેનો ઉપયોગ વ્યક્તિઓ, સમાજો અને દેશોના જીવનને સુધારવા માટે થઈ શકે છે. વિકાસની પ્રક્રિયામાં શિક્ષણનું અત્યંત મહત્વ છે. શિક્ષણ ગુણવત્તાયુક્ત જીવન જીવવા માટે જરૂરી કૌશલ્યો આપે છે. શિક્ષણ લોકોને સમસ્યાઓનું નિરાકરણ કરવા અને સર્જનાત્મક રીતે વિચારવા માટે સક્ષમ બનાવે છે. શિક્ષણ દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી, જરૂરી જાગૃતિ અને સમજણ ફેલાવી વ્યક્તિઓ અને સમાજો સમૃદ્ધ અને સુખી ભવિષ્યનું નિર્માણ કરી શકે તે નેમ છે.

પ્રસ્તુત સંશોધન પત્રમાં ગુજરાત રાજ્યના તાપી જિલ્લાના આદિવાસીઓની શિક્ષણની સ્થિતિ સુધારી વિકાસનો પાયો બનનાર સંસ્થાકીય શૈક્ષણિક મળખાઓ પૈકી તાપી જિલ્લાની એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સનો કેસ સ્ટડી આધારી અભ્યાસ કરવામાં આવેલ છે. આ શૈક્ષણિક સંસ્થાઓ આદિવાસીઓના માનવીય, સામાજિક અને આર્થિક વિકાસના દ્વાર ખોલવામાં મદદરૂપ થવામાં પાયાની ભૂમિકા ભજવી રહ્યા અંગોનો અભ્યાસ અહી રજુ કરવામાં આવેલ છે.

## વિશ્વ અને ભારતમાં શિક્ષણની વ્યવસ્થાનો ઐતિહાસિક પરિચય:

વિશ્વમાં શિક્ષણની વ્યવસ્થા જોતાં એથન્સમાં પ્લેટોની એકેડેમી અને ભારતના નાલંદા અને તક્ષશિલા વિશ્વવિદ્યાલય જેવી પ્રાચીન સંસ્થાઓની સ્થાપનાથી શરૂ થઈ હતી. આ સંસ્થાઓએ વૈજ્ઞાનિક, દાર્શનિક અને સાંસ્કૃતિક શિક્ષણ આપ્યું. મધ્યયુગમાં યુરોપમાં વિભિન્ન વિશ્વવિદ્યાલયો (યૂનિવર્સિટીઓ)ની સ્થાપના થઈ, જેમાં કેમ્બ્રિજ અને ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયનો સમાવેશ થાય છે.

ભારતમાં શિક્ષણની વ્યવસ્થાનું મૂળ પ્રાચીન શાળા, ગુરૂકુલ અને આશ્રમથી છે. યજ્ઞવલ્ક્ય સ્મૃતિ અને મહાભારત જેવા ગ્રંથો શિક્ષણના મહત્વને ઉજાગર કરે છે. ગુપ્ત યુગમાં નાલંદા અને તક્ષશિલા જેવા વૈશ્વિક જ્ઞાતિ સ્થાનો તરીકે ઊભરી આવ્યા. મુગલ શાસનમાં મદરસા અને મકતબની સ્થાપના થઈ, જ્યારે બ્રિટિશ શાસનમાં આધુનિક શાળા અને કોલેજોની સ્થાપના થઈ.

શિક્ષણ વ્યવસ્થામાં ઐતિહાસિક રીતે સામાજિક અને આર્થિક અસમાનતા પ્રભાવી જોવા મળી છે. પરંપરાગત શિક્ષણ વ્યવસ્થાઓ પ્રાથમિક રીતે મુખ્યત્વે ઉચ્ચ વર્ગ અને જ્ઞાતિના લોકો માટે અનુકૂળ રહી છે. પરંપરાગત શાળા અને ગુરૂકુલ વ્યવસ્થામાં શુદ્ર વર્ણ અને વર્ણબાહ્ય જ્ઞાતિઓ તેમજ આદિવાસી સમુદાયોના લોકો માટે પ્રવેશ પ્રતિબંધિત હતો. આ અસમાનતાઓને સમાપ્ત કરવા માટે આદિવાસી અને અનુસૂચિત જનજાતિઓ માટે વિશિષ્ટ નીતિઓ અને કાર્યક્રમોની રચના કરવામાં આવી છે.

## ભારત, ગુજરાત અને તાપી જિલ્લામાં શિક્ષણની સ્થિતિ:

વિશ્વમાં ભારત પ્રાચીનકાળથી તેની ભવ્યતા માટે પ્રચલિત હોવા પાછળ તેની શૈક્ષણિક પ્રણાલીની મહત્વની ભૂમિકા હોવાનું જણાય છે. ભારત પ્રાચીનકાળમાં વિશ્વગુરુ હોવાનો ભવ્ય પુરાવો બૌદ્ધકલીન નાલંદા, તક્ષશિલા, વલ્લભવિદ્યાપીઠ જેવી પ્રાચીનતમ વિશ્વવિદ્યાપીઠો ઐતિહાસિક પુરાવો આપે છે. પરંતુ વિદેશી આક્રમણોને કારણે દેશની શિક્ષણ સંસ્થાઓ નામશેષ થઈ હતી (પટેલ 2022).

અંગ્રેજ શાસન દરમિયાન ભારતમાં નબળા વર્ગોને તેમના દ્વારા સ્થાપિત મેકોલે શિક્ષણ પ્રણાલી અંતર્ગત શિક્ષણ મેળવવાની તક મળવા લાગી. પરંતુ જ્ઞાતિવાદ સહિતના સામાજિક-આર્થિક દૂષણોને પરિણામે શિક્ષણથી વંચિત રહ્યા. આ દરમિયાન ભારતમાં મહાત્મા જ્યોતિબા ફુલે અને સવિત્રીબાઈ ફુલે, છત્રપતિ શાહુજી મહારાજ, મહારાજા સયાજીરાવ ગાયકવાડ, સંત ગાડગેબાબા, બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકર, ગાંધીજી, ઠક્કરબાપા, મહર્ષિ ધોંડો કેશવ કર્વે સહિતના સમજસુધારકોએ ભારતમાં વિશેષ કરીને અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ તેમજ મહિલાઓ સહિતના તમામ નબળા વર્ગોના ઉદ્ધાર માટેનું એકમેવ સાધન શિક્ષણને ઓળખાવી તે બધાને પ્રાપ્ત થાય તે માટેના પ્રખર પ્રયત્નો કર્યા.

આઝાદ ભારતમાં ભારતીય બંધારણના અનુચ્છેદ 41 દ્વારા કામ, શિક્ષણ અને જીવનનિર્વાહના સાધનોનો અધિકાર તેમજ અનુચ્છેદ 45 અંતર્ગત મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર અપાવ્યો છે.

પ્રવર્તમાન સમયમાં માનવ વિકાસ અંકના અહેવાલ 2023-24 મુજબ દેશમાં શાળાકીય શિક્ષણના અપેક્ષિત વર્ષ 12.6 અને સરેરાશ વર્ષ વધીને 6.57 થવાથી શિક્ષણમાં સુધારો જણાતા હવે ભારતનું માનવ વિકાસ અંકમાં 134મું સ્થાન છે(યુનાઈટેડ નેશન્સ ડેવલપમેંટ પ્રોગ્રામ 2024). જ્યારે વૈશ્વિક સ્તરે ટકાઉ

વિકાસ હાંસલ કરવાના 17 ધ્યેયો પૈકી નવીનતમ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (Sustainable Development Goal (SDG)) રિપોર્ટ 2023ના આધારે, SDG4 (ગુણવત્તા શિક્ષણ) માટે ભારતનો ક્રમ 113 છે. ભારતની SDG4 પ્રગતિ મિશ્ર છે. જ્યારે સાક્ષરતા દર વધી રહ્યો છે, ત્યારે શૈક્ષણિક ગુણવત્તા અને સમાનતા પડકારો યથાવત જણાય છે(સાચ્સ, જે.ડી., et al. 2023). ભારતનો સાક્ષરતા દર 74.04% છે, જેમાં પુરુષોનો સાક્ષરતા દર 82.14% અને સ્ત્રીઓનો સાક્ષરતા દર 65.46% છે. 7 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોમાં શિક્ષણનો દર 73.00% છે, જેમાં પુરુષોનો શિક્ષણનો દર 80.09% અને સ્ત્રીઓનો શિક્ષણનો દર 65.46% છે (ગવર્નમેન્ટ ઓફ ગુજરાત 2024; સેન્સસ ઓફ ઈન્ડિયા 2011).

ગુજરાતમાં સાક્ષરતા દર 78.03% છે, જેમાં પુરુષોનો સાક્ષરતા દર 87.40% અને સ્ત્રીઓનો સાક્ષરતા દર 68.46% છે. 7 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોમાં શિક્ષણનો દર 76.47% છે, જેમાં પુરુષોનો શિક્ષણનો દર 85.76% અને સ્ત્રીઓનો શિક્ષણનો દર 67.02% છે (ગવર્નમેન્ટ ઓફ ગુજરાત 2024; સેન્સસ ઓફ ઈન્ડિયા 2011).

તાપી જિલ્લામાં સાક્ષરતા દર 68.3 % છે, જેમાં પુરુષોનો સાક્ષરતા દર 75.4% અને સ્ત્રીઓનો સાક્ષરતા દર 61.2% છે. ગ્રામીણ વિસ્તારનો સાક્ષરતા દર 66.5% અને શહેરી વિસ્તારનો 84.7% છે. 7 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોમાં શિક્ષણનો દર 71.05% છે, જેમાં પુરુષોનો શિક્ષણનો દર 82.21% અને સ્ત્રીઓનો શિક્ષણનો દર 59.79% છે (District Administration - Tapi and Government of India 2023; ડાયરેક્ટરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ and ગુજરાત સરકાર 2011).

**આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિ:**

ભારતમાં આદિવાસીઓનો સાક્ષરતા દર 59.26% છે. ગુજરાતમાં આદિવાસીઓનો સાક્ષરતા દર 62.47% છે. તાપી જિલ્લામાં આદિવાસીઓનો સાક્ષરતા દર 54.23% છે. આંકડાઓ દર્શાવે છે કે ભારત, ગુજરાત અને તાપી જિલ્લામાં સાક્ષરતા દરમાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતનો સાક્ષરતા દર ભારતના રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધારે છે. તાપી જિલ્લાનો સાક્ષરતા દર ગુજરાત અને ભારતના રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે. આદિવાસીઓનો સાક્ષરતા દર ગુજરાત અને ભારતના રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણો ઓછો છે(ગવર્નમેન્ટ ઓફ ગુજરાત 2024; સેન્સસ ઓફ ઈન્ડિયા 2011).

દેશમાં આદિવાસીઓમાં શિક્ષણની વિશેષ સુવિધા પૂરી પાડવા નેશનલ એજ્યુકેશન સોસાયટી ફોર ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ (National Education Society for Students (NESTS)) ની સ્થાપના એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS) દ્વારા ST બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી છે. EMRS અનુ. જનજાતિના બાળકોને ધોરણ 6 થી 12 સુધીના રહેણાંક માળખામાં મફત શિક્ષણ પૂરું પાડે છે(Government of India 2024), જ્યારે તેના નેજા હેઠળ રાજ્યમાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (Gujarat State Tribal Education Society (GSTES))ની રચના સને 1950ના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અંતર્ગત તારીખ 3 જાન્યુઆરી, 2000ના રોજ થયેલ છે. આ સોસાયટીની રચના કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય GSTESનો હેતુ આદિજાતિના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાનો છે, જેથી તેઓ શહેરી વિસ્તારના બાળકો સાથે સમાન સ્તરે શિક્ષણ મેળવી શકે. આ સોસાયટી દ્વારા ગુજરાતના 15 આદિજાતિ જિલ્લાઓમાં કુલ 85 શાળાઓ ચલાવવામાં આવે છે, જેમાં 24 EMRS, 43

અલ્પ-સાક્ષર કન્યા નિવાસી શાળાઓ, 12 મોડેલ ડે સ્કુલ, 1 સૈનિક સ્કૂલ અને 5 આશ્રમ શાળાઓ સામેલ છે. આ શાળાઓનો મુખ્ય ઉદ્દેશ આદિજાતિના બાળકોને સમાજમાં સારી રીતે સામેલ કરવા અને તેમને સાક્ષર બનાવવાનો છે. આ શાળાઓ 15 આદિજાતિ જિલ્લાઓ ડાંગ, વલસાડ, નવસારી, તાપી, સુરત, નર્મદા, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહિસાગર અને ગીર સોમનાથમાં કાર્યરત છે(Government of Gujarat 2024).

## આદિવાસીઓ માટેની શિક્ષણની વ્યવસ્થા

આદિવાસી સમુદાયો ઐતિહાસિક રીતે મુખ્ય પ્રવાહની શિક્ષણ વ્યવસ્થાથી દૂર રહ્યા છે. આ સમુદાયોમાં શિક્ષણના પ્રસાર માટે વિશિષ્ટ નીતિ અને યોજનાઓની જરૂર હતી. ભારત સરકાર અને વિવિધ રાજ્ય સરકારોએ આદિવાસી વિદ્યાર્થીઓ માટે વિવિધ શૈક્ષણિક યોજનાઓ જેમ કે રહેણાંક શાળાઓ, શિષ્યવૃત્તિ, અને અધવચ્ચેથી શાળા છોડવા(ડ્રોપઆઉટ)નો દર ઘટાડવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે.

## એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સની જરૂર

એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS) ની જરૂર ઊભી થવાના કારણો આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરી પાડવાની ઈચ્છાથી સંબંધિત છે. આ શાળાઓ દૂરસ્થ વિસ્તારોમાં રહેતા આદિવાસી (ST) વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામો સુધારવા માટે રચાઈ હતી. EMRSનું લક્ષ્ય આદિવાસી વિદ્યાર્થીઓને નિઃશુલ્ક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ, રહેણાંક સુવિધાઓ અને સર્વાંગી વિકાસ માટેની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાનું છે.

EMRSની સ્થાપના 1997-98માં કરવામાં આવી હતી. આ શાળાઓની રચનાનું મુખ્ય કારણ Scheduled Tribes (ST)ના વિદ્યાર્થીઓને (ધોરણ 6થી 12) ગુણવત્તાસભર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રદાન કરવાનું હતું, ખાસ કરીને દુરદ્રષ્ટિ વિસ્તારોમાં. આ શાળાઓ દ્વારા આ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શૈક્ષણિક તકો ઉપલબ્ધ કરાવવી અને સામાન્ય વસ્તી સાથે સમકક્ષ લાવવા માટે પ્રયત્ન કરવો એ મુખ્ય ઉદ્દેશ હતો.

2018-19ના કેન્દ્રીય બજેટમાં, સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી કે 2022 સુધીમાં દરેક એવા બ્લોકમાં EMRS સ્થાપિત કરવામાં આવશે જ્યાં 50%થી વધુ ST વસ્તી હોય અને ઓછામાં ઓછા 20,000 આદિવાસી લોકો રહેતા હોય. આ શાળાઓને નવોદય વિદ્યાલયોની સમકક્ષ બનાવવામાં આવશે અને સ્થાનિક કલા અને સંસ્કૃતિના સંવર્ધન માટે ખાસ સુવિધાઓ સાથે રમતગમત અને કૌશલ્ય વિકાસ માટે તાલીમ પણ આપવામાં આવશે.

EMRSની સ્થાપનાને વધુ મજબૂત બનાવવા માટે, 17 ડિસેમ્બર 2018ના રોજ કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (Cabinet Committee on Economic Affairs (CCEA)) દ્વારા EMRS યોજનાનું પુનઃગઠન મંજૂર કરવામાં આવ્યું(GoI and GoI 2021).

## સાહિત્ય સમીક્ષા :

ડૉ. આર. રામાચંદ્રન અને ડૉ. વી. દીપનના લેખમાં ભારતની અનુસૂચિત જનજાતિઓ(ST)ની શૈક્ષણિક સ્થિતિના મૂલ્યાંકનમાં ST સમુદાયોમાં શૈક્ષણિક અસમાનતા, વિવિધતા અને તેમની જરૂરિયાતોને સમજવી અને ST મહિલાઓને શિક્ષણ દ્વારા સશક્ત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે (Ramachandran, Deepan, and Arts 2024). આદિજાતિ બાબતોના મંત્રાલયની અખબારી યાદીમાં ST વિદ્યાર્થીઓ

માટેની વિવિધ શૈક્ષણિક યોજનાઓની વિગત આપી છે, જેમ કે રહેણાંક શાળાઓ, શિષ્યવૃત્તિ અને ડ્રોપઆઉટ દર ઘટાડવા માટેના પ્રયાસો (Government of India 2017). વધુમાં, એકલવ્ય મોડેલ રહેવાસી શાળાઓ (EMRS) ની ગુણવત્તાનું મૂલ્યાંકન કરતો અભ્યાસ દર્શાવે છે કે EMRS ST વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાપૂર્ણ રહેવાસી શાળાઓ છે, જેમાં શિક્ષણ નિઃશુલ્ક છે અને આદિવાસી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તમામ જરૂરી મૌલિક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે (Dash et al. 2020).

ઉપરોક્ત જેવા અન્ય ઘણા સંશોધન લેખો પ્રાપ્ય છે, જેને ધ્યાને લઈ પ્રસ્તુત સંશોધન લેખના વિષયવસ્તુ અને હેતુઓ સંબંધિત આધાર મળે છે. પરંતુ કેન્દ્રિત રીતે તાપી જિલ્લાના એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS)નો અભ્યાસ થયેલ હોય એવું જણાતું નથી, જેની પુર્તતા કરવાનો પ્રયાસ અહીં કરેલ છે.

## સંશોધનનો હેતુ :

પ્રસ્તુત સંશોધનનો હેતુ ભૌતિક, સામાજિક અને માનવીય વિકાસના પાયામાં માળખાકીય સુવિધાઓ સહિત માનવીય કેળવણીકાર એવી શૈક્ષણિક વ્યવસ્થા તરીકે ગુજરાત રાજ્યના તાપી જિલ્લામાં વસતા આદિવાસીઓને શિક્ષિત બનાવવામાં સરકારની આદિવાસી વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત અમલીકૃત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ(EMRS)નું યોગદાન જાણવાનો છે.

તાપી જિલ્લાના આદિવાસી વિસ્તારમાં શિક્ષણ માટેની માળખાકીય સુવિધાઓમાં વધારો સહિત આદિવાસીઓમાં શિક્ષણનો સુધારો જાણવું એ પ્રસ્તુત સંશોધનનો મહત્વનો હેતુ રહ્યો છે.

## સંશોધન ક્ષેત્ર :

પ્રસ્તુત સંશોધન વિષય માટે ગુજરાત રાજ્યના આદિજાતિ વિસ્તારો પૈકી દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લાની હેતુલક્ષી પસંદગી કરવામાં આવેલ છે. વર્ષ 2007 માં સુરત જિલ્લામાંથી છૂટા પાડી રચવામાં આવેલ તાપી જિલ્લાની કૂલ વસ્તી દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ આદિવાસીઓની વસ્તી ધરાવતા બીજા ક્રમનો જિલ્લો છે, જ્યાં તેમના શૈક્ષણિક અને માળખાકીય વિકાસ માટે આયોજિત વિકાસના કાર્યો પર પ્રાદેશિક તેમજ રાજ્ય કક્ષાએ ધ્યાન દોરતું હોવાનું જણાય છે, જેને ધ્યાને લઈ પ્રસ્તુત અભ્યાસ માટે તાપી જિલ્લાની પસંદગી કરવામાં આવેલ છે.

## સંશોધન પધ્ધતિ:

પ્રસ્તુત સંશોધન પત્ર ગુણાત્મક અને સંખ્યાત્મક એમ મિશ્ર સ્વરૂપે શોધપત્ર લેખન કરેલ છે. વિષયવસ્તુ સંબંધિત ઉપલબ્ધ સાહિત્યોની સમીક્ષા કરી, સરકારી અહેવાલો અને દસ્તાવેજોની ગૌણ મહિતીઓને આધારે અને તાપી જિલ્લાની ક્ષેત્રીય પ્રાથમિક માહિતી નિરીક્ષણ અને મુલાકાત દ્વારા મેળવી આંકડાકીય મહિતીઓનું પૃથ્થકરણ કરી કેસ સ્ટડી કરવાનો પ્રયાસ કરેલ છે.

અભ્યાસ માટે તાપી જિલ્લાની તમામ એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ (EMRS) નો સમાવેશ કરી માહિતી એકત્રિત કરવામાં આવેલ છે.

પ્રાપ્ત ગૌણ અને પ્રાથમિક મહિતીઓનું ગુણામક અને સંખ્યાત્મક ધોરણે વિષયવસ્તુ વિશ્લેષણ કરી વસ્તુલક્ષી અર્થઘટન કરી વર્ણનાત્મક તારણોને આધારે કેસ સ્ટડી રૂપે પ્રસ્તુત શોધપત્ર લેખન કરવામાં આવેલ છે.

## આદિવાસી વિકાસ અને શિક્ષણ :

ભારતના આદિવાસી વિકાસને સ્પર્શે છે ત્યાં સુધી સર્વસામાન્ય રીતે વિકાસનો બે દિશામાં વિચાર કરી શકાય: (1)ભૌતિક વિકાસ અને (2)સામાજિક વિકાસ.

સર્વસામાન્ય શબ્દોમાં ભૌતિક વિકાસ એટલે આદિવાસી સમુદાયની ભૌતિક સુખાકારીમાં વધારો થવો. આંતર માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવો, કે જેના થકી આદિવાસી વિસ્તારોનો આર્થિક અને સામાજીક

વિકાસ ઝડપી અને ગતિશીલ બને તેમજ લોકોના જીવન ધોરણની ગુણવતામાં સુધારો થાય. આદિવાસી ગ્રામજનોની ભૌતિક સુખાકારીમાં વધારો કરવો, એટલે કે, જાહેર રસ્તાઓ, તળાવો, કૂવા, સિંચાઇ યોજનાઓ, સાર્વજનિક ચિકિત્સાલયો, દવાખાના, સાર્વજનિક શૌચાલયો, જાહેર સ્નાનગૃહ, ગટરો, સ્ટ્રીટ લાઇટ, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, પંચાયત ઘર, અખાડા, રામતનાં મેદાનો, બાગબગીચાઓ, પુસ્તકાલયો અને વાંચનાલયો, સ્મશાન ગૃહ, ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, અનાજની વખારો, પશુ દવાખાના, દૂધ ડેરી, સહકારી મંડળીઓ, હસ્ત કલા ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગો, નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગો વગેરેની સ્થાપના કરવી અને વ્યવસ્થિત રીતે કાયમ માટે તેનો નિભાવ કરવો, તેને ભૌતિક વિકાસ કહી શકાય.

માનવીય મૂલ્યોને જોતાં ભૌતિક વિકાસ મહત્વનો હોવા છતાં સામાજિક વિકાસ પણ એટલો જ વધુ મહત્વનો છે. બંને પ્રક્રિયાઓ સમયાંતરે અને સાતત્યપૂર્ણ રીતે આગળ ધપવી જ જોઈએ. સામાજિક વિકાસનું વિષયવસ્તુ તપાસીએ તો (1)શિક્ષણ અને સંસ્કાર, (2)સ્વાસ્થ્ય, (3)સ્વચ્છતા, (4)સામાજિક ન્યાય, (5)સમરસતા અને સદ્ભાવના, (6)સેવા અને સમર્પણ, (7)સંપ, સહકાર, શાંતિ અને સંવાદિતા વગેરે જેવા ઘણાં મુદ્દાઓનો સમાવેશ કરી શકાય.

## તાપી જિલ્લામાં મોડેલ સ્કૂલ્સ અને એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સનો પરીચય :

પશ્ચિમ ભારતમાં ગુજરાત રાજ્યના દક્ષિણે આવેલો 33 જિલ્લાઓ પૈકીનો એક તાપી જિલ્લો છે. તે બીજી ઓક્ટોબર 2007 માં અગાઉના સુરત જિલ્લામાંથી સાત તાલુકાઓને છુટા પાડી રચના કરવામાં આવી હતી, જિલ્લાનું મુખ્ય મથક વ્યારા શહેરમાં આવેલું છે. તાપી જિલ્લો 3,144 ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવરી લે છે અને 2011ની વસ્તી ગણતરી મુજબ તેની વસ્તી 807,022 છે. જિલ્લામાં વાલોડ, વ્યારા, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાઓનો સમાવેશ થાય છે. સમગ્ર જિલ્લામાં કુલ મળીને 291 ગ્રામ પંચાયત છે.

આદિવાસીઓ એટલે કે ભારતીય બંધારણ મુજબ અનુસૂચિત જનજાતિઓ તાપી જિલ્લામાં વસ્તીનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે, આ પ્રદેશમાં બહુવિધ આદિવાસી સમુદાયો વસે છે. મુખ્ય જાતિઓમાં ચૌધરી, ગામીત, વસાવા, કોટવાલિયા, ભીલ, વળવી અને પાડવીનો સમાવેશ થાય છે. દરેક આદિજાતિની પોતાની અલગ સાંસ્કૃતિક પ્રથાઓ, પરંપરાઓ અને વ્યવસાયો હોય છે. જિલ્લાની કુલ વસ્તીના 84.18% અનુસૂચિત જનજાતિઓ (ST) ની વસ્તી છે, જે તાપીના સામાજિક માળખામાં આદિવાસી સમુદાયોના પ્રભાવ અને મહત્વને દર્શાવે છે(GOVERNMENT OF GUJARAT 2022; ડાયરેક્ટરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ and ગુજરાત સરકાર 2011).

જિલ્લાનો સાક્ષરતા દર 68.26% છે, જે રાજ્યની સરેરાશ 78.03% કરતા ઓછો છે. પુરૂષ સાક્ષરતા દર 75.44% છે, જ્યારે સ્ત્રીઓનો સાક્ષરતા દર 61.16% છે. પુરૂષ અને સ્ત્રી સાક્ષરતા વચ્ચેનું અંતર 14.28% છે, જે રાજ્યની સરેરાશ 9.31% કરતા વધારે છે. જિલ્લામાં 1,050 પ્રાથમિક શાળાઓ, 125 માધ્યમિક શાળાઓ, 35 ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને 10 કોલેજો છે(District Administration - Tapi and Government of India 2023).

તાપી જિલ્લામાં 2011 સુધી શૈક્ષણિક માળખાકીય સુવિધાઓ જોઈએ તો 2011 સુધીમાં તાપી જિલ્લામાં 1100 થી વધુ પ્રાથમિક શાળાઓ હતી. શાળાઓનો મોટાભાગનો ભાગ ગામડાઓમાં સ્થિત હતો. શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભાવ હતો, જેમ કે, પૂરતા પ્રમાણમાં વર્ગખંડો, શૌચાલયો, પીવાનું પાણી,

વીજળી, ફર્નિચર, શિક્ષકોની ઘટ હતી, અને ઘણા શિક્ષકો ગુણવત્તાયુક્ત તાલીમ ધરાવતા ન હતા. 2011 સુધીમાં તાપી જિલ્લામાં 200 થી વધુ માધ્યમિક શાળાઓ હતી. માધ્યમિક શાળાઓનો મોટાભાગનો ભાગ શહેરી વિસ્તારોમાં સ્થિત હતો. ગ્રામીણ વિસ્તારોમાં માધ્યમિક શાળાઓની ઘટ હતી. શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભાવ હતો, જેમ કે, વિજ્ઞાન પ્રયોગશાળાઓ, કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય, શિક્ષકોની ઘટ હતી, અને ઘણા શિક્ષકો ગુણવત્તાયુક્ત તાલીમ ધરાવતા ન હતા. 2011 સુધીમાં તાપી જિલ્લામાં 50 થી વધુ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ હતી. શાળાઓનો મોટાભાગનો ભાગ શહેરી વિસ્તારોમાં સ્થિત હતો. ગ્રામીણ વિસ્તારોમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ઘટ હતી. શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભાવ હતો, જેમ કે, વિજ્ઞાન પ્રયોગશાળાઓ, કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય, શિક્ષકોની ઘટ હતી, અને ઘણા શિક્ષકો ગુણવત્તાયુક્ત તાલીમ ધરાવતા ન હતા. 2011 સુધીમાં તાપી જિલ્લામાં 10 થી વધુ વ્યાવસાયિક શાળાઓ હતી. શાળાઓનો મોટાભાગનો ભાગ શહેરી વિસ્તારોમાં સ્થિત હતો. ગ્રામીણ વિસ્તારોમાં વ્યાવસાયિક શાળાઓની ઘટ હતી. શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભાવ હતો, જેમ કે, કાર્યશાળાઓ, ઉપકરણો, પ્રશિક્ષકો. 2011 સુધીમાં તાપી જિલ્લામાં શૈક્ષણિક માળખાકીય સુવિધાઓનો અભાવ હતો. ગ્રામીણ વિસ્તારોમાં શાળાઓની ઘટ હતી. શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભાવ હતો. શિક્ષકોની ઘટ હતી, અને ઘણા શિક્ષકો ગુણવત્તાયુક્ત તાલીમ ધરાવતા ન હતા. (GOVERNMENT OF GUJARAT 2010; ડાયરેક્ટરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ and ગુજરાત સરકાર 2011)

વર્ષ 2011 પછી આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નવીન યોજનાઓ પૈકી જણાવવામાં આવેલ વિવિધ શૈક્ષણિક યોજનાઓ અમલીકૃત કરવામાં આવી છે, જે પૈકી નિવાસી શાળાઓ, છાત્રાલયો, ખાસ સહાય, તાલીમ અને રોજગાર તેમજ મોડેલ સ્કૂલ્સનો સમાવેશ થાય છે. આ પૈકી અહીં એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સની વિગતો નીચે મુજબ જોવા મળે છે:

## એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS):(Government of India 2024)

એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS) એ નિવાસી શાળાઓ છે જે ગુજરાતમાં અનુસૂચિત જનજાતિ (ST)ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ પ્રદાન કરે છે. શાળાઓ ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા ચલાવવામાં આવે છે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. EMRS ભોજન, ગણવેશ, પાઠ્યપુસ્તકો અને આવાસ સહિત મફત શિક્ષણ આપે છે.

EMRS ધોરણ 6 થી 12 સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરે છે. ધોરણ 6-8 માટેનો અભ્યાસક્રમ National Council of Educational Research and Training (NCERT) દ્વારા નિર્ધારિત Central Board of Secondary Education (CBSE) અભ્યાસક્રમને અનુસરે છે, અને વર્ગ 9 પછીનો અભ્યાસક્રમ Gujarat Secondary and Higher Secondary Education Board (GSEB) અભ્યાસક્રમને અનુસરે છે. શાળાઓ શૈક્ષણિક અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ પણ યોગદાન આપે છે.

GSTES, ગાંધીનગરે ગુજરાતમાં 36 EMRS ની સ્થાપના કરી છે. GoG એ આદિવાસીઓના શિક્ષણ સાથે સંકળાયેલા જાણીતા ટ્રસ્ટો સાથે PPP મોડલ પર કેટલાક EMRS ચલાવવાની પહેલ પણ કરી છે.

ગુજરાતમાં એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS) સરકાર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ છે જેનો ઉદ્દેશ્ય આદિવાસી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો છે. શાળાઓ 6ઠ્ઠા થી 12મા ધોરણ સુધી મફત શિક્ષણ આપે છે, જેમાં મફત રહેવા, જમવાનું, યુનિફોર્મ, સ્ટેશનરી, કરિયાણા અને તબીબી સુવિધાઓનો સમાવેશ થાય છે(Government of Gujarat 2024). શાળાઓ આધુનિક ટેકનોલોજી જેવી કે બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ, 24X7 ઈન્ટરનેટ સુવિધા સાથે કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, સાયન્સ લેબ, પ્લેગ્રાઉન્ડ, હોસ્ટેલ, મેસ વગેરેથી સજ્જ છે. તેઓ GCERT તેમજ NCERT અભ્યાસક્રમને અનુસરે છે, જ્યાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી અથવા અંગ્રેજી છે. શાળાઓ રમતગમત, ક્લબ અને શૈક્ષણિક પ્રવાસો જેવી અભ્યાસેતર પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગના જણાવ્યા મુજબ ભારતીય બાંધારણના 275(1) હેઠળ ગુજરાત રાજ્યમાં મંજુર થયેલ શાળાના વિદ્યાર્થીઓની વિગત જોઈએ તો કૂલ 22 EMRS માં 3665 વિદ્યાર્થિનીઓ અને 3669 વિદ્યાર્થિઓ એમ કૂલ 7334 વિદ્યાર્થિઓએ શિક્ષણ મેળવેલ છે.

**કોષ્ટક :તાપી જિલ્લામાં એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ**

| ક્રમ. | શાળાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વિદ્યાર્થીનીઓ | વિદ્યાર્થીઓ | કુલ |
| 1 | ઈ.એમ.આર.એસ-ઈન્દુ, વ્યારા (તાલુકા – વ્યારા) | 155 | 138 | 293 |
| 2 | ઈ.એમ.આર.એસ-ઉકાઇ (તાલુકા – સોનગઢ) | 85 | 89 | 174 |
| 3 | ઈ.એમ.આર.એસ-નિઝર, ખોડદા. (તાલુકા – નિઝર) | 239 | 230 | 469 |
| કૂલ : | | 479 | 457 | 936 |

**સ્ત્રોત :https://tribal.gujarat.gov.in/Eklavya-Model-Residential-School?lang=Gujarati**

તાપી જિલ્લામાં આવેલા એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS)ની પ્રસ્તુત માહિતીનું વિશ્લેષણ કરતાં કહી શકાય કે, કુલ ત્રણ શાળાઓમાં કુલ 936 વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે, જેમાં 479 વિદ્યાર્થીનીઓ અને 457 વિદ્યાર્થીઓ છે. સૌથી મોટી શાળા ઈ.એમ.આર.એસ-નિઝર, ખોડદા છે, જ્યાં 469 વિદ્યાર્થીઓ છે. સૌથી નાની શાળા ઈ.એમ.આર.એસ-ઉકાઇ છે, જ્યાં 174 વિદ્યાર્થીઓ છે. વિદ્યાર્થીનીઓની સંખ્યા વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં થોડી વધુ છે, જે સમાન શૈક્ષણિક તકો આપવામાં સમાનતા દર્શાવે છે.

આ માહિતી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સની સફળતા અને તેમના પ્રભાવનો સંકેત આપે છે, જેમાં આદિજાતિ બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સમગ્ર વિકાસની તકો મળી રહી છે. આ સ્કૂલો તેમના શિક્ષણ માટેની સુવિધાઓ અને પ્રવેશ પ્રક્રિયાઓની સરળતાને કારણે પણ જાણીતા છે. આ સ્કૂલો આદિજાતિ સમુદાયના બાળકોને સમાજમાં સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તાપી જિલ્લામાં એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS) ની સ્થાપનાથી આદિવાસી વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ અને કન્યા કેળવણી વધી હોવાનું અને શાળા છોડી જવાનું પ્રમાણ ઘટ્યું હોવાનું દર્શાવતા આંકડાઓ મળી આવ્યા છે. ગુજરાતમાં વર્ષ 2016 ના અહેવાલ પ્રમાણે રાજ્યમાં માત્ર 25 EMRS શાળાઓ હતી, જેમાં 7789 જેટલા વિદ્યાર્થિઓ હતા(Govenment of Gujarat 2016). જ્યારે આજે

ધોરણ 6 થી 12 ના કૂલ 67000 થી વધુ આદિજાતિ વિદ્યાર્થીઓનું શિક્ષણ રાજ્યની 43 EMRS માં થયું છે(ભીખાલાલ 2023). આ સ્કૂલો આદિવાસી વિદ્યાર્થીઓને સમગ્ર વિકાસ માટે એક મંચ પૂરું પડ્યું છે.

EMRS – ઉકાઈના વર્ષ 2022-23 ના આંકડા મુજબ ધોરણ 6 થી 12 ના કુલ 173 કુમાર અને 182 કન્યા, એમ  કુલ 355 વિદ્યાર્થિઓ શિક્ષણ મેળવી રહ્યા હોવાનું જણાય છે(Eklavya Model Residential School - Ukai 2023). EMRS ખોદદ (નિઝર)ની પ્રાપ્ત થયેલ પ્રત્યક્ષ પ્રાથમિક માહિતી મુજબ ધોરણ 6 to 12 સુધી ચાલતી શાળામાં ધોરણ 11 અને 12 માત્ર વિજ્ઞાન પ્રવાહ ચાલે છે, જેનું 2022-23 દરમિયાન ધો.10ની SSC બોર્ડનું પરિણામ 98% અને ધો.12 HSC નું પરિણામ 89% આવ્યું હતું. દરેક ધોરણમાં ઓછામાં ઓછા 60 વિદ્યાર્થિઓની સંખ્યા જોવા મળે છે. કુલ 270 કુમાર અને 284 કન્યાઓ એમ કુલ 554 વિદ્યરથો વર્ષ 2022-23 મુજબ નોંધાયેલ જોવા મળે છે. સાથે જ CCTV કેમેરાથી સજ્જ કુમાર -કન્યા છાત્રાલયો, દરેક વર્ગમાં Smart Board ની સુવિધ, પ્રાથમિક અને માધ્યમિક વિભાગની વિજ્ઞાન અને ગણિત પ્રયોગ શાળા, વિજ્ઞાન પ્રવાહની રસાયણ વિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર અને જીવ વિજ્ઞાનની પ્રયોગશાળાઓ, પીવાના પાણી માટે RO, છાત્રાલયો માટે શાળાના મકાનની સુવિધા તેમજ કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય જેવી તમામ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ અને વપરાશી હોવાનું જોવા મળે છે(EMRS 2024).

કન્યા કેળવણી અને શાળા છોડી જવાના પ્રમાણને લગતા આંકડાઓ માટે, વિકાસપીડિયા પર મળેલ માહિતી મુજબ, કન્યા કેળવણી રથયાત્રાને કારણે નિરક્ષર વાલીઓ પણ શિક્ષણ અને ખાસ કરીને કન્યા કેળવણી માટે જાગ્રત બન્યા છે. આ પ્રયત્નોની સફળતાને કારણે શાળા છોડી જવાનું પ્રમાણ પણ ઘટ્યું છે.

આ આંકડાઓ તાપી જિલ્લાના EMRS ની સફળતાને દર્શાવે છે અને આદિવાસી સમુદાયમાં શિક્ષણની ગુણવત્તા અને પ્રસારને વધારવામાં તેનો મહત્વપૂર્ણ ફાળો છે. આવા પ્રયત્નોથી શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે અને સમાજનો શૈક્ષણિક વિકાસ થઈ રહ્યો છે.

જિલ્લામાં વિવિધ સ્થળોએ બંધાયેલ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સના ભવ્ય આંતરમળખાકીય સુવિધાઓ સાથેના મકાનના બાંધકામ અને શાળાકીય શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓ સહિત બાળકોની ઉપસ્થિતિ થતાં આ વિસ્તારોની આસપાસ ગ્રામીણ બજારો ઊભા થયાં છે. ચ્હા-નાસ્તાની લારીઓ, સ્ટેશનરીની દુકાનો, સ્થાનિક પરિવહન માટેના સાધનો વગેરે વધ્યા છે, જે આર્થિક વૃદ્ધિનું નિર્દેશક છે.

જો કે, સમગ્ર સ્થિતિએ હાલ આ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ સરકારશ્રીએ સંચાલન સહિત કર્મચારીઓની નિમણૂક તેમજ માળખાકીય વ્યવસ્થાના મેન્ટેનન્સનું ખાનગી એકમોને સોંપતા ફરી આદિવાસી વિસ્તારના બાળકોના શૈક્ષણિક વિકાસના વપરાશિતા અને ટકાઉપણાં પર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

## ઉપસંહાર:

શાળાકીય શૈક્ષણિક માળખા ઊભા થવાથી માત્ર વિદ્યાર્થીઓને શિક્ષણની આધુનિક ભૌતિક સુવિધાઓ જ પૂરી નથી પડતી, પરંતુ આસપાસના આદિજાતિ વિસ્તારોમાં પાયાની આંતરમાળખાકીય સુવિધાઓ વિકસવા ઉપરાંત બજાર ઊભા થવાથી આર્થિક વૃદ્ધિ થતી જોવા મળે છે.

ભારત, ગુજરાત અને તાપી જિલ્લામાં શિક્ષણની સ્થિતિમાં સુધારો થયો છે, પરંતુ હજુ ઘણું બધું કરવાનું બાકી છે. આદિવાસીઓની શિક્ષણની સ્થિતિમાં સુધારો કરવા માટે સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ અને સમાજના તમામ વર્ગો દ્વારા સતત પ્રયત્નો કરવાની જરૂર છે.

## સંદર્ભ સ્ત્રોત:


Dash, Neena, Arati Mall, Sanghamitra Das, and Sasanka Sekhar Sahoo. 2020. Impact Of Ekalavya Model Residential Schools In Enhancing The Educational Attainment Of ST Children In Five States. Scheduled Castes & Scheduled Tribes Research and Training Institute (SCSTRTI), Bhubaneswar, 751003.

Dhameja, Alka. 2021. BPAG-174 : SUSTAINABLE DEVELOPMENT. New Delh: Indira Gandhi National Open University.

District Administration - Tapi, and Ministry of Electronics &. Information Technology Government of India. 2023. “District Tapi, Government of Gujarat - Place of Tribals - India.” https://tapi.nic.in/.

Eklavya Model Residential School - Ukai. 2023. “Eklavaya Model Residential School, Ukai Tapi, EMRS Ukai, Emrsukai.” http://www.emrsukai.org.in/page.php?id=69.

EMRS, Khodada. 2024. “Official Website of Eklavya Model Residential School, Khodada.” https://emrskhodada.org/.

GoI, PIB, and Ministry of Tribal Affairs GoI. 2021. Eklavya Model Residential Schools (EMRS). New Delh: PIB & Ministry of Tribal Affairs. https://static.pib.gov.in/WriteReadData/specificdocs/documents/2021/jul/doc20217421.pdf.

Govenment of Gujarat, Tribal Development Department, Gujarat State Tribal Education Society. 2016. “Quality Education and Higher Education for Tribal Student - Reports - ડાઉનલોડ કરો - આદિજાતિ વિકાસ વિભાગ.” https://tribal.gujarat.gov.in/quality-education-and-higher-education-for-tribal-student?lang=Gujarati.

GOVERNMENT OF GUJARAT, Department of Statistics. 2010. Socio-Economic Riview of Gujarat 2009-10. BUDGET PUBLICATION. GANDHINAGAR. https://financedepartment.gujarat.gov.in/Documents/Bud-Guj_198_2014-2-18_197.pdf.

GOVERNMENT OF GUJARAT, DIRECTORATE OF ECONOMICS AND STATISTICS. 2022. SOCIO-ECONOMIC REVIEW 2021-2022 GUJARAT STATE. BUDGET PUBLICATION. 34. GANDHINAGAR: DIRECTORATE OF ECONOMICS AND STATISTICS GOVERNMENT OF GUJARAT. https://financedepartment.gujarat.gov.in/Documents/Bud-Eng_1096_2022-3-3_683.pdf.

Government of Gujarat, Tribal Development Department. 2024. “Eklavya Model Residential School (EMRS) - Schools - Gujarat State.” https://eklavya-education.gujarat.gov.in/emrs-eklavya-model-residential-school.

Government of India, Ministry of Tribal Affairs. 2017. “Education Status of Scheduled Tribes.” https://pib.gov.in/newsite/PrintRelease.aspx?relid=174446.

Government of India, Ministry of Tribal Affairs, National Education Society for Tribal Students. 2024. “EMRS.” https://emrs.tribal.gov.in/.

Ramachandran, R., V. Deepan, and Jairam Arts. 2024. “EDUCATIONAL STATUS OF SCHEDULED TRIBES IN INDIA.” 2(2454).

“Eklavya Model Residential School (EMRS) - નિવાસી શાળાઓ - શિક્ષણ - નવીન યોજનાઓ - આદિજાતિ વિકાસ વિભાગ.” Accessed March 15, 2024. https://tribal.gujarat.gov.in/Eklavya-Model-Residential-School?lang=Gujarati.

અઢીયા નિમિષા. 2002. “ધ હિસ્ટરી ઓફ ઈકોનોમિક ડેવલપમેંટ ઈન ઈન્ડિયા સિન્સ ઈન્ડિપેન્ડન્સ.” Asian Studies Association of Australia Newsletter 33:22-27.

ગવર્નમેન્ટ ઓફ ગુજરાત. 2024. સોસિયો ઈકોનોમિક રિવ્યુ ઓએફ ગુજરાત 2023-24. Government. https://openbudgetsindia.org/.

ટોડેરો એમ.પી. 1989. ઈકોનોમિક ડેવલપમેંટ ઈન ધ થર્ડ વર્લ્ડ. Longman.

ડાયરેક્ટરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ and ગુજરાત સરકાર. 2011. ડિસ્ટ્રિક્ટ સેન્સસ હેન્ડબુક - તાપી. Census of India - Gujarat : DIRECTORATE OF CENSUS OPERATIONS GUJARAT.

ધન ધીરજ. 2010. ભારતીય અર્થતંત્રનો ઈતિહાસ (1857-1947). ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ.

પટેલ ગણપતભાઈ. 2022. SECP-02 : સમકાલીન ભારત અને શિક્ષણ. અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.

ભીખાલાલ જયેશકુમાર. 2023. "ડાંગ જિલ્લો સૌથી વધુ એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ સાથે ગુજરાતમાં પ્રથમ ક્રમે." https://gujarati.oneindia.com/news/gujarat/emrs-school-becomes-platform-for-all-round-development-for-tribal-children-106653.html.

યુનાઈટેડ નેશન્સ ડેવલપમેંટ પ્રોગ્રામ. 2024. "હ્યૂમન ડેવલપમેંટ રિપોર્ટ 2023-24 - હ્યુમન ડેવલપમેંટ રિપોર્ટ્સ." https://hdr.undp.org/content/human-development-report-2023-24.

સાચ્સ, જે.ડી., લાફોર્ચ્યુન, જી., ફુલર, જી., and ડ્રમ, ઈ. 2023. "સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2023." https://dashboards.sdgindex.org/.

સેન્સસ ઓફ ઈન્ડિયા ડાયરેક્ટરેટ ઓએફ સેન્સસ ઓપરેશન્સ. 2011. "સેન્સસ ટેબલ્સ - ગવર્નમેન્ટ ઓએફ ઈન્ડિયા." https://censusindia.gov.in/census.website/data/census-tables.

સેન્સસ ઓફ ઈન્ડિયા ડેરેક્ટરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ. 2011. "સેન્સસ ટેબલ - ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા." https://censusindia.gov.in/census.website/data/census-tables.

સ્ટીટન પોલ પી. 2014. આર્થિક વિકાસનો અર્થ. માં ઈકોનોમિક ડેવલપમેન્ટ: કન્સેપ્ટ્સ, થીયરીઝ, એન્ડ પોલિસી. 2nd ed. Routledge.